# શ્રી પાટણ જૈન મંડળ : અગત્ય ની જાહેરાત..

આપણા સમાજના વ્યાપાર ઉદ્યમ કરતા સભ્યોને, "લોકડાઉન" પછીની વર્તમાન પરિસ્થિતિમાં તેમના વ્યાપારમાં સહાયરૂપ થવાની ભાવનાથી પાટણ જૈન મંડળે, પાટણ કો.બેન્ક સાથે વાટાઘાટો કરી વર્તમાનમાં વ્યાપાર-વ્યવસાય કરતા સમાજના સભ્યો ને નિર્ધારીત સમયગાળામાં ઓછું વ્યાજ ભોગવવું પડે એ રીતે લોન આપવાનું આયોજન ગોઠવેલ છે.

કો-લેટરલ સિકયોરિટી વગર પાટણ કો.બેન્ક, રૂ.દશ લાખ સુધીની લોન, રિઝર્વ બેન્કની ગાઇડલાઇન મુજબ સમાજના લોન ઇચ્છુક સભ્યોને આપશે. સભ્યો ને લોન ઉપર ભરવા પડતા વ્યાજનો બોજ ઓછો કરવા મંડળ જરૂરિયાત અનુસાર સહાયરૂપ થશે. લોન ઉપર લાગનાર વ્યાજમાં મંડળ કેટલા પ્રમાણમાં સહાય આપશે એની જાણ, લોન લેનારને અરજી માન્ય થતા પહેલા કરવામાં આવશે. લોન ઇચ્છુક સભ્યો પાટણ જૈન મંડળ દ્વારા છપાયેલ 'લોન ફોર્મ' નીચે જણાવેલ Link પરથી મેળવીને ઓનલાઈન પણ ભરી શકાશે.

htpps://patanmandal.org/business-loan

તેમજ મંડળના કાર્યાલયોમાંથી આ ફોર્મ મળશે જેને, E-mail, કુરીયર તેમજ અન્ય માધ્યમ દ્વારા સંસ્થાના મુખ્ય કાર્યાલયમાં મોકલવા.
સંસ્થા દ્વારા નિયુક્ત કમિટી પ્રાપ્ત ફોર્મ નો અભ્યાસ કરી દશ દિવસની અંદર અરજી પાટણ બેન્ક ને મોકલી આપશે. તે પછી બેન્ક, લોન ઇચ્છુક સભ્યનો સંપર્ક કરી બેન્ક ની કાર્યવાહી કરશે.

સમાજના સભ્યોની સમસ્યામાં સહાયરૂપ થવાની શ્રી પાટણ જૈન મંડળની પ્રતિબધ્ધતા અનુસારના ઉપર્યુક્ત આયોજનનો, વ્યાપાર ઉદ્યમ કરતા સમાજના સભ્યો, પોતાના વર્તમાન ધંધાની જરૂરિયાત અનુસાર, લોન મેળવી આર્થિક સક્ષમતા પ્રાપ્ત કરે એજ શુભેચ્છા🙏 શ્રી પાટણ જૈન મંડળ પ્રમુખ